## જન્મદિને વધામણી



**વિનોદ ડી રાદડીયા**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ, રોટરી ક્લબ
ઓફ ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૨૭૭૭૫



**હિંમતલાલ ત્રિવેદી**



**હિતાર્થ મેહુલ દોશી**
જૈન સોશિયલ ગૃપ
મો. ૮૧૪૧૧ ૭૫૪૫૯



**મનિષાબેન એ જૈન**
ખજાનચી, સંગિની



**મિલન કે પરમાર**



**નંદીતાબેન ઓઝા**
મો. ૯૮૨૫૦ ૫૬૨૬૨



**કરિશ્મા જોષી હેડાઉ**



**રમેશચંદ્ર જે રાવલ**



**ક્રિષા રિશિત જોષી**

# ગાંધીનગરમાં શિક્ષકદિનની ઉત્સાહી ઉજવણી







ગાંધીનગર શહેર-જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સ્વયં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

**સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય**

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે પચીસ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષકની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. વિદ્યાર્થીઓએ સ્વયંશિસ્ત રાખી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

શિક્ષક તરીકે શ્રેષ્ઠ કાર્ય કરનાર પાંચ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. નિધિ વાળંદ, વિજય સિંધા, આશિકા ડામોર, શુભમ શાહ અને નિકિતા ઠાકોરને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. સેવક તરીકેની કામગીરી રોહન ખારવાએ અદા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કુરજીભાઈ ડી ગેવરિયાએ કર્યું હતું. આચાર્ય જયંતીભાઈ વી પટેલે વિદ્યાર્થીઓને શિક્ષક દિનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

**શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજ**

શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે ૪૦ જેટલી વિદ્યાર્થીનીઓએ શિક્ષક દિવસ નિમિત્તે આચાર્યથી માંડીને સેવક સુધીની ભૂમિકાઓ નિભાવી હતી. આચાર્ય તરીકે હોમ સાયન્સ વિભાગની વિદ્યાર્થીની રિયાએ જવાબદારી નિભાવી હતી. શિક્ષણકાર્ય બાદ વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. મુન્નાબેન ચૌધરી, ડૉ. સોનલબેન મોદી અને ડૉ. લીનાબેન સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ઊર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીનીઓને શિક્ષક દિવસની સુંદર ઉજવણી બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે અતિથિ તરીકે ડૉ. રણછોડભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

**ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ધોરણ૮,૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને શિક્ષક દિવસ ઉજવ્યો હતો. શિક્ષણકાર્ય બાદ શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ જાહેરમાં પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતા. એક દિવસ માટે શિક્ષક બનેલા આ વિદ્યાર્થીઓને શાળા તરફથી પુરસ્કાર આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા.

**શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ૧૯૭ જેટલી વિદ્યાર્થીનીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. આચાર્યની કામગીરી કનીષા રાઠોડે, સુપરવાઈઝર તરીકે સલીકા બલોલીયા, પાયલ પટણી, રિદ્ધિ પટેલે જવાબદારી અદા કરી હતી.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક દિવસ માટે સેવક બનેલી વિદ્યાર્થીનીઓએ સફાઈ કામગીરી પણ કરી હતી. શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થીનીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. માધ્યમિક વિભાગમાં નિર્વા બારીયા, સામાન્ય પ્રવાહમાં આયુષી પટેલ, વિજ્ઞાન પ્રવાહમાં જાહ્નવી પટેલ વિજેતા જાહેર થયાં હતાં. સમગ્ર સંચાલન રમેશભાઈ જી પટેલ, રમણભાઈ બી પટેલ અને શૈલેષભાઈ પી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર ગીતેશભાઈ, ગીતાબેન, હંસાબેન દ્વારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**શ્રી જે બી પ્રાથમિક શાળા**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં ૧૧૬ જેટલા વિદ્યાર્થીઓએ આચાર્ય, સુપરવાઈઝર, શિક્ષકો, કારકુન અને સેવકભાઈઓની સંપૂર્ણ જવાબદારી સંભાળી હતી. શિક્ષણકાર્ય બાદ છેલ્લા બે તાસમાં સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થીઓ, આચાર્યની જવાબદારી સંભાળનાર ધ્યાન પટેલ, શ્રેષ્ઠ શિક્ષણકાર્ય કરનાર વિદ્યાર્થી દર્શન પટેલને આચાર્ય નીવાબેન પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**શ્રી જયપ્રકાશ વિદ્યાલય**

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે સોનલબેન કલ્યાણભાઈ રબારીએ આચાર્ય તરીકેની જવાબદારી અદા કરી હતી. શિક્ષકદિનના અંત ભાગમાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેના પોતાના અનુભવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે રૉટરી ક્લબ ઑફ કૅપિટલના પ્રમુખ બી કે ચાવડા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ઈનામો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરના પ્રૉજેક્ટ ઑફિસર યુવરાજસિંહ વાઘેલા અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલાં જયશ્રીબેન ખેતિયાએ વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સ્વચ્છતા માટેના શપથ લેવડાવ્યા હતા. શાળાનાં પ્રમુખ દક્ષાબેને વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે વક્તૃત્ત્વ સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ઉમા આટ્ર્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ**

ઉમા આટ્ર્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી તેમાં સમગ્ર કોલેજનું શૈક્ષણિક તેમજ વહીવટી કાર્ય કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું. શિક્ષકદિનની સ્પર્ધાના નિર્ણાયક તરીકે એસ.એચ.પટેલ બી.એડ કોલેજના પ્રા. ભરતભાઈ પટેલ અને આચાર્યશ્રી ડૉ.જીજ્ઞાશાબેન જોષી એ સેવાઓ પૂરી પડી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના આચાર્યાશ્રી ડૉ. અમૃતાબેન પટેલ તથા ઉપાચાર્યશ્રી ડૉ. પ્રણવ જોષીપુરાનો ખૂબ જ સહયોગ રહ્યો આ દિવસના કોલેજના આચાર્ય તરીકે કુમારી નિધિ ગોસ્વામી તથા ઉપાચાર્ય તરીકે કુમારી ક્રિષ્ના શાહ એ ફરજ બજાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષણદિન સમિતિ સભ્યો પ્રો. હરીતભાઈ પટેલ , પ્રા. પાયલબેન પંડ્યા તથા પ્રા. રાકેશભાઈ પ્રજાપતિ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું.

### સિમેટ વિના પ્રવેશ માટે

# ઍમબીએ-ઍમસીએમાં પાંચ હજારથી વધુનું રજિસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૭

એમબીએ-એમસીએમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અંદાજે ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડી હતી. આ ખાલી બેઠકો ભરવા માટે તાજેતરમાં નોન સિમેટ અને અગાઉ રજિસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેવા વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. જેમાં અંદાજે પાંચ હજારથી વધારે વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. એટલે કે બે રાઉન્ડ પછી ખાલી પડેલી ૧૫ હજાર બેઠકો પૈકી પાંચ હજાર જેટલી બેઠકો ભરાય તેવી શકયતા છે.

એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સિમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. રાજયની એમબીએ-એમસીએની ૨૨ હજારથી વધારે બેઠકો માટે સિમેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશના બે રાઉન્ડ કરવામાં આવ્યા હતા. જેમાં સિમેટ આપી હોય તેવા માત્ર પાંચ હજાર વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. જેના કારણે ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી રહી હતી. અનેક કોલેજોને બે આંકડાની સંખ્યા જેટલા વિદ્યાર્થીઓ પણ મળી શકયા નહોતા. મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતાં છેવટે નોન સિમેટ એટલે કે જેઓએ સિમેટ આપી ન હોય તેમને પણ એમબીએ-એમસીએમાં પ્રવેશ આપવાની જાહેરાત કરીને આવા વિદ્યાર્થીઓ પાસે રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. સૂત્રો કહે છે સિમેટ આપી હતી તેવા માત્ર ૫ હજાર વિદ્યાર્થીઓ મળ્યા હતા જેની સામે સિમેટ આપી નથી તેવા વિદ્યાર્થીઓને મંજૂરી અપાતા પાંચ હજારથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

આગામી દિવસોમાં આ વિદ્યાર્થીઓને મેરિટના આધારે જુદી જુદી એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ ફાળવી આપવામાં આવશે. નોંધનીય છે કે છેલ્લા કેટલાય સમયથી એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે લેવામાં આવતી સિમેટ દૂર કરવી જોઈએ તેવી માંગણી કોલેજ સંચાલકો અને અધ્યાપકો દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ આજસુધી આ મુદ્દે કોઈ નિર્ણય લઈ શકાયો નથી.

## ધોરણ ૯થી ૧૨ની પ્રથમ વાર્ષિક પરીક્ષા ત્રીજી ઓક્ટોબરથી

ગાંધીનગર, તા. ૭

રાજ્યના ઘણા જિલ્લાઓમાં પૂરના કારણે જનજીવન અટકી ગયું હતું. વરસાદના કારણે સંખ્યાબંધ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય થઈ શક્યું નહોતું. તે માટે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ખાસ કરીને ધોરણ ૯થી ૧૨ની શાળામાં લેવાતી પ્રથમ વાર્ષિક પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

રાજ્યમાં બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ની પ્રથમ વાર્ષિક પરીક્ષા ૧૪ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન યોજવા આયોજન કરવામાં આવ્યું હતું, પણ હવે ફેરફારને આધિન આ પરીક્ષા ૩ ઓક્ટોબરથી શરૂ કરી ૧૩ ઓક્ટોબર સુધી પુરી કરવા આદેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનો ત્રીજી ઓક્ટોબરથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેમેસ્ટર ૩ થી લઈને ૬ ની ઓક્ટોબર-નવેમ્બરમાં લેવાનારી પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. આ પરીક્ષામાં અંદાજે દોઢથી બે લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

હવે પરીક્ષાના પરિણામ બે મહિનાના બદલે વહેલા આવશે તેવુ માનવામાં આવી રહ્યુ છે. પરિણામ પછી માર્કશીટ પણ વહેલી મળશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે. ૩ ઓક્ટોબરથી બી.એ., બી.કોમ, બીએસસી, બીસીએની સેમેસ્ટર ૪ની જયારે એમ.એ., એમ.કોમ અને એમએસસીની સેમેસ્ટર ૪, બી.એ.,બી.કોમ, બીબીએ, બીસીએ સેમેસ્ટર ૪, એમ.એમ., એમ.કોમ, એમએસસી સેમેસ્ટર ૨ની પરીક્ષા, ૧લી નવેમ્બરથી બી.એ, બી.કોમ, બીએસસી, બીબીએ,બીસીએ સેમેસ્ટર ૨ની પરીક્ષા, ૧૩મી નવેમ્બરથી બીએ, બી.કોમ, બીએસસી, બીસીએ સેમેસ્ટર ૫, એમ.એ., એમ.કોમ, એમએસસી સેમેસ્ટર ૩ની પરીક્ષા. બીએસસી ફાયર, એલએલબી સેમેસ્ટર ૩ અને ૫ અને એલએલબી ઈન્ટીગ્રેટેડ સેમેસ્ટર ૫ની પરીક્ષા, ૨૨મી નવેમ્બરથી બી.એ, બી.કોમ, બીબીએ-બીસીએ, એમ.એડ, એમ.એડ, એમપીઈ, એમએલડબલ્યુ સેમેસ્ટર ૩ની પરીક્ષા અને ૨૧મી ડિસેમ્બરથી બી.એ.,બી.કોમ, બીએસસી, એમ.એ, એમકોમ, એમએસસી, બી.એ્ડ, એમએડ સહિતના તમામ કોર્સમાં સેમેસ્ટર ૧ની પરીક્ષા લેવામાં આવશે.




(૧) પ્રસિદ્ધ પત્રકાર ગૌરી લંકેશની બેંગ્લોરમાં હત્યા કરી નાખવામાં આવે છે, તે કઈ ભાષામાં સાપ્તાહિક પત્રિકા ગૌરી લંકેશ પત્રિકે પ્રસિદ્ધ કરતાં હતાં ?
(એ) તમિલ
(બી) તેલુગુ
(સી) હિન્દી
(ડી) કન્નડ

(૨) ૨૦૧૭માં કઈ સંસ્થાએ રાષ્ટ્રીય પોષણ રણનીતિ જાહેર કરી છે ?
(એ) નીતિ આયોગ (બી) ઓક્સફેમ ઈન્ટરનેશનલ
(સી) આરોગ્ય પોષણ સંસ્થા (ડી) એમ્સ સંસ્થાન

(૩) ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ શિક્ષક દિન નિમિત્તે કયા રાષ્ટ્રીય પોર્ટલનો પ્રારંભ કરાવ્યો છે ?
(એ) શિખા (બી) શિક્ષા
(સી) દિક્ષા (ડી) અધ્યયન

(૪) તાજેતરમાં મૃત્યુ પામનાર પૂર્વ કેન્દ્રીય મંત્રી અને તૃણમુલ કોંગ્રેસ સાંસદનું નામ શું છે ?
(એ) માજિત ખાન (બી) અનિરૂદ્ધ ચક્રવર્તી
(સી) ડેરેક ઓ બ્રાયન (ડી) સુલતાન અહમદ

(૫) ૨૦૧૭માં ચેક ઓપન આઈટીએફ ટુર્નામેન્ટ કોણે જીતી છે ?
(એ) પિય કોઈમ (બી) હરિમોતો
(સી) અરવિંદ સરાફ (ડી) તિમોજી બોલ

(૬) ૨૦૧૭માં વિદ્યુત અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયના રાજ્યમંત્રીનો બદભાર કોણે સંભાળ્યો છે ?
(એ) આર પી સિંહ (બી) દેવેન્દ્રસિંહ
(સી) આર કે સિંહ (ડી) પુરુષોત્તમદાસ

(૭) ૨૦૧૭માં કયા મહાનુભાવને રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવ્યો છે ?
(એ) વિરેન્દ્ર સેહવાગ (બી) નીતા અંબાણી
(સી) વિજય ગોયલ (ડી) એમ સી મેરીકોમ

(૮) ચીનમાં આયોજીત બ્રિક્સ સંમેલન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયા દેશની રાજકીય મુલાકાત લીધી હતી ?
(એ) નેપાળ (બી) ભૂતાન
(સી) શ્રીલંકા (ડી) મ્યાનમાર

(૯) ભારતીય સૈન્ય અકાદમી (ઈન્ડિયન મિલીટ્રી એકેડેમી)ના નવા કમાન્ડન્ટ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) લે.જ. સંજયકુમાર ઝા (બી) લે.જ. મંજિત કુમાર ઝા
(સી) લે. મૃત્યુંજય કુમાર (ડી) લે. રોહિતકુમાર શર્મા

(૧૦) વિશ્વ શૉટગન ચૅમ્પિયનશીપ પુરુષ વર્ગમાં ભારતે ડબલ ટ્રીપ સ્પર્ધામાં કયો મેડલ પ્રાપ્ત કર્યો છે ?
(એ) ગોલ્ડ (બી) બ્રોન્ઝ
(સી) સિલ્વર (ડી) એકપણ નહીં

# આપણે કયા પ્રકારની સમાજરચના કરી રહ્યા છીએ?




વ્યક્તિગત રીતે માણસનું કેટલું જોર હોય? એક વ્યક્તિ કેટલી સક્ષમ, સકારાત્મક કે નકારાત્મક હોય તેનો અંદાજ કાઢવામાં પણ હવે સફળતા મળતી નથી. ખૂબ ઉમદા જીવન બધાનું સમાન ધ્યેય હોવા છતાં દિન-પ્રતિદિન ભારતના લોકો શા માટે દરેક બાબતમાં આટલા પરેશાન થઈ રહ્યા છે? આ એક સાંપ્રત ચિંતાનો વિષય થઈ ગયો છે. માણસને માણસ જ સુખી કે દુખી કરતો હોય છે પરંતુ હવે આ ઉપરાંત એવું તે શું થઈ રહ્યું છે કે જેનાથી સમાજ રડતો થઈ જાય છે? માનવીની મોટી લાયકાત માનવ બની રહેવું એ જ હોય છે. ત્યાં જ મોટું ગાબડું પડ્યું છે એ પ્રથમ મુદ્દો છે. ઈન્ટરનેટ દ્વારા જે સવલતો ઊભી થઈ તેનો સદુપયોગ થઈ રહ્યો નથી એ બીજો ચિંતનનો વિષય છે. ત્રીજી વાત એ સ્પષ્ટ દેખાય છે કે સમાજની રચનામાં વિકૃતિઓ પ્રવેશતી જ જાય છે. આપણને નાણાંની કમાણી વિના કોઈ અન્ય જીવન જીવવાના મહત્ત્વના ક્ષેત્રોમાં ઋચિ જ નથી, ગુણવાન હોય, શુદ્ધ ચારિત્ર્ય હોય, આદર્શોસભર હોય તેવું કશું જ મૂલ્યવાન ગણતા કે માનતા નથી. ઈશ્વરે આપેલા માનવજન્મની કિંમત કોડીની રહેવા દીધી નથી. ચોથી જે બાબત જોવા મળે છે તે એ છે કે માત્ર ફાયદાની ઘટના પરત્વે જ દૃષ્ટિ અને શક્તિને ધકેલતા થઈ ગયા છીએ પરંતુ એ નથી વિચારતા કે જીવન એ એક અમૂલ્ય સફર છે. તેમાં હાનિ કે નુકશાન પણ ક્યારેક મળી શકે છે. જીવનના પ્રત્યેક તબક્કાનો સાચો કુદરતી આનંદ જે હતો તેનો બધાએ ભેગા મળીને નાશ ખર્યો છે તથી બાળકોનું બચપણ ગયું, વયસ્ક થયા બાદ બેકારી આપી, મોટી ઉંમરે હતાશા-નિરાશા અને વૃધ્ધાવસ્થા વૃધ્ધો બોજ અને તનાવ માની રહ્યા છે. જીવનશૈલીમાં પણ પરિવર્તન જરૂર આવે તેમાં કોઈ શિકાયત નથી પરંતુ જીવનમૂલ્યોનું સામુહિક રીતે જે ધોવાણ કરવામાં આવ્યું છે તેનાથી આખું રાષ્ટ્ર આપત્તિગ્રસ્ત થયું છે.



બચપણથી માસમાં કેટલાક ઉચ્ચ આદર્શો સ્કૂલમાંથી, ધાર્મિક કાર્યક્રમોથી, પરિવારમાંથી જે મળતા હતા એ પૂરી પ્રક્રિયા સદંતર તૂટી ગઈ છે. વસતી વૃધ્ધિને કદી આર્થિક વિકાસ માટે પ્રોત્સાહક ગણવાની ભૂલ કરવી ના જોઈએ. હવે પરિવાર નિયોજન મોંઘવારી અને આર્થિક સંકટોના લીધે આપોઆપ થાય છે, તેની ઝૂંબેશો રહી નથી. પરિવારો જ સમજી જશે તેવા પ્રકારનો તર્ક પ્રશાસન સ્તરે પણ દેખાઈ આવે છે. આઝાદીના સાત દાયકા બાદ પણ આપણે જ્ઞાતિ-જાતિના વાદ-વિવાદથી બહાર નીકળી શક્યા નથી કે આરક્ષણ બાબતે નક્કર વિચારધારા એટલે બધું જ વોટની ચશ્માથી તોલવામાં કે બોલવામાં આવે છે. આર્થિક સક્ષમ લોકો સ્વેચ્છાથી કશુંપણ ત્યાગવા તૈયાર નથી. વિકાસ સર્વત્ર આવકાર્ય અને સ્વીકાર્ય છે પરંતુ એ વાતોથી કદી આવવાનો નથી. ઘણીવાર એવું જ લાગે છે કે ભારતનો વહીવટ સુપ્રિમ કોર્ટ અને સૈન્ય જ ચલાવે છે. સુપ્રિમ કોર્ટ અને લશ્કરના જવાનોને ભૂલી જાઓ તો ભારત વિનાશની ખીણમાં રિબાતું દેખાય તેવી સ્થિતિથી મનને આઘાત લાગે છે. વાત-વાતમાં સુપ્રિમ કોર્ટ અને સંકટમાં કે કુદરતી કોપમાં આર્મીના જવાનોને લાવવા જ પડે છે. હાલના ચોમાસમાં મુંબઈમાં પાણીનો દરિયો શહેરમાં થઈ ગયો. હાઈકોર્ટ દ્વારા ફટકાર લગાવાઈ કે મુંબઈની સ્થિતિમાં એક ઈંચનો પણ સુધારો થયો નથી. માનવીય પ્રબંધન તો સરખું થઈ શકે કેમ કે કુદરત ઉપર આપણો અંકુશ ના હોય તેવું કોર્ટ દ્વારા કહેવાયું. બિહાર રાજ્ય આખું તબાહ થઈ ગયું કારણ કે નાણાં ક્યાં વપરાઈ જાય છે તે હજી જાણી શકાયું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે ભ્રષ્ટાચારથી મુક્તિ મેળવી શકાઈ નથી. કાળા નાણાંને કઢાવી શકાયા નથી, માત્ર લગામ લગાવવાના મોટા પ્રયાસો જરૂર થઈ રહ્યા છે. બીજી એક કડવી વાસ્તવિકતા એ પણ છે કે સમાજ સુધરવા ઈચ્છે તો પણ તેમ થઈ શકતું નથી. માત્ર એક જ પરિબળ અતિ ખરાબ એ ઊભું થયું છે કે અપરાધીકરણ રાજકારણમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયું છે. બધી જ ગંદકી દૂર કરી શકાશે પરંતુ રાજકારણ ક્ષેત્રમાંથી ગંદકી કઈ રીતે દૂર થઈ શકશે? અપરાધી લોકોની મદદથી ઈલેક્શનો લડાતાં હતાં અને હવે બાહુબલિઓ જ પોલિટિકલ ક્ષેત્રમાં રાજ કરતા થઈગયા એટલે સમસ્યા ગંભીર છે. જ્યાં અતિ સંપત્તિ જમા થાય ત્યારે સમજી લેવાનું કે તેના મૂળમાં ઘણા અપરાધો પાયાના પથ્થરની જેમ ગોઠવાઈગયા જ હશે. સાદગીને દંભ ગણવાથી શું મળી જશે.? આપણા સમાજની પરંપરાઓમાં પણ ભારોભાર અન્યાય તથા શોષણ પ્રવર્તે છે, જેનાથી પણ લોકો ત્રસ્ત અને દુખી છે. આર્થિક મોરચાથી પ્રગતિ નથી. જીડીપી ત્રણ વર્ષે નીચે જ જાય છે તે ચીનના દરથી પણ નીચે છે. નોટબંધીથી બ્લેક મની પકડી શકાઈ નથી પણ અર્થતંત્ર ગતિહિન જરૂર થઈ ગયું છે. આમ, ચિંતન બધા જ લોકોએ કરવું પડશે.

**શેર આસ્વાદ**

વો ખ્વાબ જો બરસોં સે ન ચહેરા ન બદન હે, વો ખ્વાબ હવાઓં મેં બિખર ક્યું નહીં જાતા ?